સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

લૂંટારા માટે મુક્ત વિહાર બનતું જાય છે!
ને સૂરક્ષા બાબતે બિહાર બનતું જાય છે!
નાદાર બનતું જાય છે આ પોલીસ નું તંત્ર!
ગુજરાત ગુન્હાનું તિહાર બનતું જાય છે!
(મોટી લૂંટફાટો)

હાઈકુ

તંત્ર આખું ય,
સાહેબની સેવામાં -
છે તહેનાત..
(પ્રવાસી દિન - વાઇબ્રન્ટ)

લે છે બાનમાં,
નિર્દોષ જિંદગીઓ -
આ તાલીબાન..
(નિર્દય સંગ્રહન)

ચિંતન

આસ્વાદ્ય સ્વયમેવ વચ્મિ મહતીર્મ મર્મચ્છિદો વેદના મા ભૂત્કસ્યચિદપ્યયં પરિભવો યાચેંતિ સંસારિણઃ ।
પશ્ય ભ્રાતરિયં હિ યૌવન જરા ધિક્કાર કેલી સ્થલી માનમ્લાનમસી ગુણ વ્યતિકર પ્રાગલ્ભ ગર્વ ચ્યુતિ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના 'યાચક નિંદા' નામના અધ્યાયનો આ શ્લોક છે :

'હૃદયને સ્પર્શતી અને મર્મ પર ઘા કરતી જે વેદના છે તે મહાવેદનાનો મેં (શ્લોક રચિયિતા) એ જાતે અનુભવ કર્યો છે તે અનુભવ્યા પછી જ હું જણાવું છું કે 'કોઇ પણ સંસારી જનને આ યાચના રૂપ પરિભવ-તિરસ્કારનો અનુભવ થશો નહીં. કારણ કે આ યાચના-માગણી-ઇચ્છા-અપેક્ષા તો યૌવન અને વૃદ્ધાવસ્થાને ધિક્કારનારી ક્રીડાભૂમિ છે. તેમજ માનની હાંસી કરવામાં કાજળરૂપ છે અને ગુણોના ચાતુર્ય-ભંડારનો વિનાશ કરનારી છે.'

યાચના ધનની હોય કે કોઇ પણ જાતની પૈસા-વાહન-કોઇ પણ જાતની જણસ-માગણી કરવાથી માણસ નીચો પડે છે. જે છે તેનાથી ચલાવી લેવામાં જ ગૌરવ સમાયું છે. પરિવારજનો પાસેથી 'પાણીનો ગ્લાસ' પણ માગવો નહીં જયાં સુધી 'યાચના' વિના ચલાવી શકાય તે જ 'જીવન' છે. તિરસ્કૃત જીવન જીવવાનો કોઇ જ અર્થ નથી.

સુવિચાર

- જગત જયારે જયારે કનડતું રહે છે, મને કંઇક મારામાં જડતું રહે છે - વિવેક ટેલર
- વિશ્વાસ કદી ચમત્કારોની ઇચ્છા નથી રાખતો પણ ઘણીવાર વિશ્વાસને કારણે ચમત્કારો થઇ જાય છે - એસ. ભટ્ટાચાર્ય
- સંબંધ તાજમહેલ જેવો હોય છે. બધાને એની સુંદરતા દેખાય છે, પરંતુ એ સંબંધ બનાવતા કેટલો સમય, શ્રમ લાગ્યો છે એ કોઇને દેખાતું નથી - પરમાર્થ પ્રકાશ
- સૌ કહે છે, 'મંદિર ઇશ્વર નથી' હું કહું છું 'ત્યાં ફક્ત પથ્થર નથી' સૌ કહે છે, 'ક્ષણ સમી છે જિંદગી' હું કહું છું 'પ્રાણ મુજ નશ્વર નથી' - નિરંજન ભગત
- જીંદગીની કિતાબમાં ભૂતકાળમાં ખોટું લખાઇ ગયું હોય તેની ચિંતામાં પડવા કરતાં બાકીની કિતાબનાં કોરા પાના સારા લખાય તેની ચિંતા કરો..'જાગ્યા ત્યારથી સવાર' - જનકલ્યાણ
- ધારેલું કશું જ ન બને, અને ન ધારેલું બધું જ બને એનું નામ સંસાર- મુનિ ભાનુચંદ્રજી
- જે કામ આગ્રહથી નથી થતું તે કાર્ય પ્રેમ અને શાંતિથી થાય છે - હરિન્દ્ર દવે

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આત્મવિશ્વાસ અને શ્રદ્ધાનું નિશ્ચિત પરિણામ એટલે સફળતા.

૧૨ એપ્રિલ ૧૯૬૧ના દિવસે રશિયાના અંતરિક્ષ યાત્રીએ યાત્રા પૂર્ણ કરી ધરતી પર પગ મૂક્યો. વિશ્વ માટે તો એ ક્ષણ આનંદદાયક હોય એ સ્વાભાવિક છે પણ યુરી ગાગરીન માટે તો આ ક્ષણ સ્વર્ગીય આનંદ જેવી હતી. તેની મહત્ત્વકાંક્ષા, આત્મવિશ્વાસ અને શ્રદ્ધાનું આ સફળ પરિણામ હતું.

યુરી ગાગારીન સાત વર્ષનો હતો ત્યારે જર્મનીએ રશિયા પર આક્રમણ કર્યું. આકાશમાં વિમાનોની આવાજાની જોઇ માની સાથે ચાના બગીચામાં કામ કરતો હતો ત્યારે આકાશમાં, ઉડતાં વિમાનો જોઇ એ મનમાં એવું વિચારતો હતો કે, 'એક દિવસ હું પણ વિમાનમાં બેસી જાતે ચલાવી એકલો વિમાન એવા સ્થળે લઇ જઇશ જયાં આજ સુધી કોઇ માનવી ગયો ન જ હોય.'

ત્યારે 'અંતરિક્ષયાત્રા' શબ્દ પણ કોઇ જાણતું ન હતું. પણ યુરીના મનમાં ઝબકેલો આ વિશ્વાસ આ વિચાર-સાચી શ્રધ્ધા અને આત્મવિશ્વાસ દ્વારા જયારે સાકાર થયો ત્યારે યુરી ગાગારીનને કેટલો આનંદ થયો હશે!

Email - sureshchandrabhatt18@gmail.com

પ્રેમ, સેવા અને કરૂણા જેવાં મૂલ્યો પ્રેરિત ઉદાત્ત જીવનની પ્રેરણા પુરી પાડતી વાર્તાઓ

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

અમુક લોકો માને છે કે લેખન કૌશલ્ય કે સર્જનાત્મક લખાણ માણસને વારસામાં મળે છે. ઘણા સર્જકોને પોતાના બાપ-દાદાથી લેખન કૌશલ્યનો ગુણવારસો મળ્યો હોય છે એ વાત સાચી. 'કુવામાં હોય તો હવાડામાં આવે' એ પણ ખરું. પરંતુ લેખન કળા કેળવી શકાય છે. શીખી શકાય છે શિખવાડી શકાય છે. એ વાત પણ સો ટકા સાચી છે અને તેનું ઉત્તમ ઉદાહરણ આપવું હોય તો તે ફાધર વર્ગીશ પોલ એમ કહી શકાય.

હાં,આજે હું તેમના તાજેતરમાં પ્રગટ થયેલ વાર્તા સંગ્રહ 'લોહીના આંસુ' વિશે વાત કરતા માંગુ છું.

ટૂંકી વાર્તા એ આમ તો સર્જકની કલ્પનાની નીપજ હોય છે. પરંતુ એમાં જિવાતા જીવનનું વાસ્તવિક પ્રતિબિંબ ઝીલવાનું હોય છે. વાર્તા કેવળ જિવાતા જીવનનું વાસ્તવિક પ્રતિબિંબ જ નહિ પણ સારી અસરકારક વાર્તાઓ, સમાજ પરિવર્તનની વાહક પણ બનતી હોય છે. એટલે આ વાર્તાઓ વાચકને માનવ જીવનનું મૂલ્ય સમજવામાં મદદરૂપ થઇ શકે છે. પ્રેમ,સેવા અને કરૂણા જેવાં મૂલ્યો પ્રેરિત જીવનની કદર કરવામાં વાર્તા કામે આવી શકે છે. 'લોહીના આંસુ' સંગ્રહની વાર્તાઓ એવું જોઇ શકાય છે કે દરેક વાર્તા પાછળ લેખકની સંવેદનાને ઢંઢોળનારી કોઇ ઘટના કે ભાવાવેશ ભર્યો અનુભવ હોય તેવું લાગે છે.

આ સંગ્રહમાં આપણને કુલ છ વાર્તાઓ મળે છે. ૧. ગાંડી છે તું?, ૨. લોહીના આંસુ, ૩. ત્યાં સ્વર્ગ છે, ૪. રજાનું રણક્ષેત્ર, ૫. નેત્રાંબુ, ૬. સત્યમેવ જયતે.



આ વાર્તા સંગ્રહની પ્રસ્તાવના જાણીતા લબ્દપ્રતિષ્ઠિત સાહિત્યકાર ડો. કેશુભાઇ દેસાઇથી મળી છે. જેમાં તેમણે લેખકની વાર્તાઓને સાચી રીતે પ્રમાણમાં 'કડવા યથાર્થ પર માંગલ્ય નો વરખ : આસ્થાનો મઘપુડો' કહ્યો છે. તેઓ લેખકની વાર્તાકિળા વિશે વાત કરતાં જણાવે છે કે, 'લેખકે ફક્ત લખવા ખાતર કે મનોરંજન ખાતર - સ્વાન્તઃ સુખાય જ નથી લખ્યું એમના પ્રત્યેક લખાણ પાછળ એક સ્પષ્ટ હેતુ છે. માણસના દુઃખદર્દની અને પીડાની વાત કરીને અટકી જનારા કલાધર્મી લેખક કરતાં એક ડગલું આગળ ભરીને એ 'જીવનધર્મ' બજાવી જાણે છે.' એ રીતે આ સંગ્રહની છયે વાર્તાઓ જીવનલક્ષી છે. લેખક સમાજ પરિવર્તન તરફ ગતિ કરવા કૃતસંકલ્પ છે. અહીં જે વિષય વસ્તુ છે તે આગવું છે. લેખકે એ નજરે જોયેલાં પરિવેશ અને પાત્રોનું સરળ શૈલીમાં નિરૂપણ કર્યું છે. આ લેખકને ગુજરાતી ભાષામાં લખતા બિન ગુજરાતી લેખક તરીકે જોવાતા રહ્યા છે. દ્રવિડ કુળની ભાષા અને ખ્રિસ્તી સંસ્કારોમાં પાંગરેલા આ લેખક બીજા કોઇ ગુજરાતી લેખક જેટલા જ ગુજરાતી બની રહ્યા છે. ભાષા સીધી સાદી, અભિધાના સ્તરે વિસ્તરતી હોવા છતાં લેખક જયારે પાત્રો કે પરિવેશના વર્ણનમાં ઉતરે છે ત્યારે સ્વાભાવોક્તિ અલંકાર રચતા જાય છે. એમનું એ ગદ્ય કવચિત સૌંદર્ય બોધક બની રહે છે.

સંગ્રહની પ્રથમ નવલિકા 'ગાંડી છે તું?' ગર્ભયાતને અનિષ્ઠ સમજીને એક કિશોરીએ પોતાના પેટમાંના ગર્ભનો નાશ કરવાને બદલે એને બચાવવા મરણિયો પ્રયાસ કર્યો હોત તો શું થાત? તે પ્રશ્નમાંથી જન્મતી આ વાર્તા જેમાં દુનિયા આખી સામે બહાદુરીથી બાકરી બાંધી કોઇ બદનાશ પાડોશીથી રહેલ હમેલને પોતાની કુખનું સુખ ગણી એ કમનસીહ જીવને જિવાડવા વલવલતી કુંવારી માતાના એના ગર્ભસ્થ શિશુ સાથેના સંવાદરૂપે મળે છે. તો બીજી વાર્તા ક્યાંક ફૂટપાથ પર ભીખ માંગવા મજબુર બની ગયેલા નિર્દોષ બાળકની ચૂંથાઇ રહેલી આંખમાંથી 'લોહીના આંસુ' સ્વરૂપે ટપકે છે કે ક્યાંક સગા બાપ દ્વારા ઘાતકી રીતે કપાવી નંખાવેલા ઠુંઠા પગમાંથી પ્રગટે છે. એ વાત 'ત્યાં સ્વર્ગ છે.' શિર્ષક વાળી ત્રીજી વાર્તામાંથી પ્રાપ્ત થાય છે. જયારે ચોથી અને પાંચમી વાર્તા લેખકના ખેતીવાડીના અનુભવ અને ભિન્ન કોમના યુવક-યુવતીઓને લગ્ન કરાવવામાં અડચણો અમે ઘર-ગામથી ભાગી જઇને લગ્ન કર્યાની વાતોમાં પણ અજાણ્યા વિધર્મીનો અંધાપો ઉલેચવા માટે જીવતેજીવ પોતાની આંખ કાઢી આપવાની ઉત્કટતા લાવેલીમાંથી જન્મી છે. એ રીતે જોઇએ તો લેખક પાસે આવા માંગલિક અનુભવોનું સમૃદ્ધ ભાથું છે. જેમાં એમની સહજ સેવાવૃત્તિ એમને આવો ખજાનો લૂંટાવી દેવા પ્રેરે છે. તેમાં 'રજાનું રણક્ષેત્ર' વાર્તાનો ગદ્યખંડ તેમની સર્જકતાનું શ્રેષ્ઠ પ્રમાણ છે. આ સંગ્રહની છેલ્લી વાર્તા 'સત્યમેવ જયતે' માં લેખકનો એ વિશ્વાસ પ્રતિબિંબત થાય છે કે સમયના વહેણમાં 'અરણ્ય' જંગલકાંડ અને અનુ અરણ્ય' જંગલ કાંડના બધા ગુનેગારો પ્રાણીઓ પકડાશે. હિરણ્ય વનનો કે આંતર રાષ્ટ્રીય કાયદો એમને છોડશે નહિ. એક ચીની કહેવત કહે છે કે તેમ તેઓ માને છે કે 'ખાડો ખોદનાર જ એમાં પડશે' અને બાઇબલમાં ઇશુ એ કહ્યું છે કે 'જે કોઇ તલવાર ઉગામશે તે તલવારથી નાશ પામશે' વળી ભારતીય સંસ્કૃતિમાં માનનાર સૌ ભલમનશાહી વાળા પ્રાણીઓ અને તેમનું વિશ્વ જાણે છે કે વહેલો કે મોડો સત્યનો જ જય થાય છે.

'લોહીના આંસુ' વાર્તાસંગ્રહના લેખક ફાધર વર્ગીસ પોલ ગુજરાતી અને અંગ્રેજી ભાષાના સર્જનાત્મક લખાણો માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડો મેળવનાર-૪૬ પુસ્તકોના લેખક છે. તેઓ અમદાવાદ ખાતે ૧૯૮૪ થી કેથલિક માહિતી સેવાકેન્દ્ર (CISS) ના સ્થાપક અને ડાયરેકટર છે. તેમજ ગુજરાતી લેખકોના હિતોની રખેવાળી કરતી જાગૃતિ સાહિત્યિક સંસ્થા 'લેખક મંડળ' સાથે સક્રીયપણે સંકળાયેલા છે.

ઉચ્ચ અભ્યાસ માટે, પત્રકાર તરીકેની સેવા માટે અને આંતરરાષ્ટ્રીય કેથલિક અખબાર પરિષદ (UCIP) ની બેઠક અને વિશ્વ સંમેલનોમાં ભાગ લેવા માટે યુરોપ, ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરીકા, આફ્રિકા અને એશિયા ખંડના ૩૫ જેટલા દેશોની મુલાકાત તેઓ લઇ ચૂક્યા છે.

વાચકના સંવેદનતંત્રને જક્કી રાખનારી આવી વાર્તાઓ આપણી ભાષામાં જવલ્લે જ જોવા મળતી હોય છે ત્યારે આવો આપણે સૌ ક્રિસમલના આ તહેવારોમાં જીવન માંગલ્યના સાધક અને આરાધકની કલમે રચાયેલી આ વાર્તાઓ માણીએ તેમને અભિનંદીએ અને પુસ્તકને સૌ સાચા હૃદયથી આવકારીએ.

'લોહીના આંસુ' (વાર્તા દ્વારા સમાજપરિવર્તન તરફની સફર)
લેખક : ફાધર વર્ગીસ પોલ
પ્રકાશક - રત્નાદે પ્રકાશન,
૫૮-૨, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ
અમદાવાદ - ૩૮૦૦૦૧
કિંમત - રૂા. ૮૫ = ૦૦
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪

ભારતના શરમજનક પચ્ચીસ ભ્રષ્ટાચારો

હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

વરિષ્ઠ ગાંધીવાદી લોકસેવક અને ગુજરાતમાં શૌચાલય પ્રવૃત્તિના પ્રણેતા તથા પુરસ્કર્તા મુ. સૂર્યકાન્તભાઇ પરીખે મારા ડેડી અને એમના મિત્ર ડો. કેશુભાઇ દેસાઇને લખી મોકલાવેલ 'ભારતના શરમજનક ૨૫ ભ્રષ્ટાચારો' વિશેનો લેખ 'ગાંધીનગર સમાચાર' ના સુજ્ઞ વાંચકોની સેવામાં સાદર કરું છું.

- અયના

● આઝાદી પછીના પચ્ચીસ ભ્રષ્ટાચાર નોંધીશું

(૧) ઇ.સ. ૧૯૪૮ : વી.કે. કૃષ્ણમેનન અને જીપનો કોન્ટ્રાક્ટ :

આ કોન્ટ્રાક્ટ વિદેશી કંપની પાસેથી આર્મી (લશ્કર) માટે જીપ ખરીદવા માટેનો હતો. કોંગ્રેસની સરકારે સપ્ટેમ્બર ૩૦, ૧૯૫૫માં જાહેર કરેલું કે જીપ સ્કેન્ડલ (જીપનું કૌભાંડ) જ્યુડિશિયલ ઇન્ક્વાયરી માટે બંધ કર્યું છે. રૂા. ૮૦ લાખની રકમ વર્તમાન કાળમાં ભલે નાની લાગે, પરંતુ તે સમય માટે એ મોટી રકમ હતી.

(૨) ઇ.સ. ૧૯૮૧ : અંતુલે ટ્રસ્ટ :

એ. આર. અંતુલે ત્યારે મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન હતા. રાજયના પુરવઠાનો ગેરઉપયોગ કરીને બિઝનેસો પાસેથી રૂપિયા ૩૦ કરોડનો ભ્રષ્ટાચાર તેમને કરેલો.

(૩) ઇ.સ. ૧૯૮૭ : એસ.ડી. ડબલ્યુ. કમિશન્સ :

જર્મન સબમરીન ઉત્પાદકને બ્લેકલિસ્ટ પર મૂકી દેવામાં આવેલો. જયારે કહેવાતો ભ્રષ્ટાચાર જાહેરમાં આવેલો.

(૪) ઇ.સ. ૧૯૮૯ : સેન્ટ કીટ્સ ફોર્જરી :

વડાપ્રધાન વી.પી. સિંહનું જ હતું. આ એકાઉન્ટમાં ડોલર ૨૧ મિલિયન ઝડપાયેલાં.

(૫) ઇ.સ. ૧૯૮૦-૯૦ : બોફોર્સ સ્કેન્ડલ :

બોફોર્સ કંપની ભારતને ૧૫૫ મિ.મિ. ફીલ્ડ હોવિઝર ટોપ સપ્લાય કરનાર હતી. આ પહેલા આટલો મોટો ભ્રષ્ટાચાર ભારતમાં થયો ન હતો. ઇન્ડિયન પોલિટિશિયન અને મોખરેના ડિફેન્સ ઓફિસરોને કિક-બેક તરીકે ચૂકવેલા. આ જ કારણે ઇન્ડિયન નેશનલ કોંગ્રેસની નવેમ્બર ૧૯૮૯માં ભારતની ચૂંટણીમાં હાર થયેલી.

(૬) ઇ.સ. ૧૯૯૦ : એર-બસ સ્કેન્ડલ :

એર-બસ એ-૩૨૦ એરલાઇનરના ક્રેશ થયા પછી ભારતમાં આ કોન્ટ્રાક્ટ અને તેની પાછળ કહેવાતા ભ્રષ્ટાચાર બાબતમાં ઘણો જ ઉગ્ર વિવાદ થયેલો.

(૭) ઇ.સ. ૧૯૯૨ : સિક્યોરિટી સ્કેમ :

ભારતનો એક સામાન્ય નાગરિક આટલું મોટું કૌભાંડ કરી શકે તે નવાઇ ભરેલું હતું. હર્ષદ મહેતાએ બેંક અને શેરબજારને મેનિપ્યુલેટ કરીને કેટલાંક શેરોના ભાવો કોઇ પણ કારણ વગર આકાશે પહોંચાડી દીધેલા. ઉદાહરણ તરીકે એ.સી.સી. એસોશીએશન (સીમેન્ટ કંપની) ના શેરોમાં ભાવો રૂપિયા ૫૦૦ પરથી રૂપિયા ૧૦,૦૦૦ સુધી તેણે પહોંચાડી દીધેલાં. શેર બ્રોકરોએ રૂા. ૧૦,૦૦૦ કરોડનો આ ભ્રષ્ટાચાર આચરેલો.

(૮) ઇ.સ. ૧૯૯૬ : યૂરિયા સ્કેમ :

કેટલાંક ભ્રષ્ટાચારી બિઝનેસમેન અને નેશનલ ફર્ટીલાઇઝરના મોખરેના ઓફિસરોએ ભેગા થઇને સરકાર પાસેથી રૂા. ૧૩૩ કરોડ પડાવી દીધેલાં.

(૯) ઇ.સ. ૧૯૯૬ : ટેલિકોમ ફ્રોડ :

પૂર્વ કોમ્યુનિકેશન મિનિસ્ટર સુખરામનું આ કૌભાંડ હતું. ઓરડીના બારણે બે રૂપિયાનું તાળું મારીને તેમાં બે-પાંચ-દસ-વીસની ચલણો નોટો શણના કોથળામાં ભરીને સંઘરાયેલી.

(૧૦) ઇ.સ. ૧૯૯૬ : ફોડર સ્કેમ :

ચાઇબાસા શહેરમાં એનિમલ હસબન્ડરી ડિપાર્ટમેન્ટ હેઠળ આશરે રૂપિયા ૯૫૦ કરોડ ઢોરોનો ચારો વેચાતો લેવા માટે ફાળવાયેલાં. આ કૌભાંડ જાહેર થતાં તે સમયનાં બિહારના મુખ્યપ્રધાન લાલુ પ્રસાદ અને પૂર્વ મુખ્યપ્રધાન (અને પાછળથી કેન્દ્રમાં રેલવે પ્રધાન બનેલા) જગન્નાથ મિશ્રાએ રાજીનામું આપવું પડેલું. ત્યાર પછી લાલુ પ્રસાદ જેલમાં ગયેલાં અને તેની નિરીક્ષણ - અભણ પત્ની રબડી દેવી બિહારની મુખ્યપ્રધાન બનેલી.

(૧૧) ઇ.સ. ૨૦૦૨-૨૦૦૩ : તાજ હેરિટેજ કોરિડોર કેશ :

આ કૌભાંડમાં ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન માયાવતી અને તેની જ કેબિનેટના પ્રધાન નસીમુદ્દીન સિદ્દીકી પર ભ્રષ્ટાચારનો આરોપ લગાડાયેલો. આ પ્રોજેક્ટનો આશય હતો કે, તાજ મહાલની નજીકની ટૂરિસ્ટ ફેસિલિટિઝને અપગ્રેડ કરે. (ઉચ્ચ કક્ષાની બનાવે) આ ઉપરાંત પણ માયાવતીના નામ પર બીજા ઘણાં ભ્રષ્ટાચારના આરોપ લગાવેલા.

(૧૨) ઇ.સ. ૨૦૦૯ : સત્યમ કમ્પ્યુટર સર્વિસ સ્કેન્ડલ :

સત્યમ કંપની આથી દેવાદાર સ્થિતિમાં આવી ગયેલી. જાન્યુારી ૭, ૨૦૦૯માં ચેરમેન રામાલિંગા રાજુએ ચેરમેનની પોસ્ટ પરથી રાજીનામું આપેલું.

(૧૩) ઇ.સ. ૨૦૦૨-૨૦૧૦ : યુપી ફૂડ ગ્રેઇન સ્કેમ :

આઠ વર્ષ ચાલેલું આ કૌભાંડ એટલું વિશાળ હતું કે તે મધર ઓફ ઓલ સ્કેમ કહેવાયું. ગરીબોને અન્ન સહાય આપવા રૂપિયા ૩૫,૦૦૦ કરોડના ગ્રેઇન (અન્ન) માટેનું ફંડ હતું. યુપી રાઇસ સ્કેલ રજી સ્પેક્ટ્રમ કરતાં પણ મોટી હતી કહેવાય છે કે આ ભ્રષ્ટાચારમાં ચોખાનો રૂચિયા ૨૦,૦૦૦ કરોડનો પુરવઠો ગેરવલ્લે ચઢી ગયેલો.

(૧૪) ઇ.સ. ૨૦૦૧ : સ્ટોક માર્કેટ સ્કેમ :

સ્કોટ માર્કેટનો રાજા, કેતન પરીખ, એણે યુ.ટી.આઇ. કલકત્તા સ્ટોક એક્સચેન્જ અને પોતાની અંગત કે-૧૦ વાપરીને રોકાણકારોને નવડાવેલા.

(૧૫) ઇ.સ. ૨૦૦૮ : મતની ખરીદીનું કૌભાંડ :

કેશ-ફોર-વોટ્સ સ્કેન્ડલમાં લોકસભાના સાંસદોને લાંચ અપાયેલી. તે વખતે યુ.પી.એ. નું રાજકીય સંગઠન સોનિયા ગાંધીના નેતૃત્વમાં થયેલો. નો-કોન્ફીડન્સનો વોટ જુલાઇ, ૨૨, ૨૦૦૮માં લેવાયેલો.

(૧૬) ઇ.સ. ૨૦૧૦ : સી.ડબ્લ્યુ જી. સ્કેલ :

સી.ડબલ્યુ. જી. એટલે કોમનવેલ્થ ગેઇમ્સનું કૌભાંડ. આ કૌભાંડ ઘણું જ કુખ્યાત થઇ ગયેલું. સુરેશ કલમાડી, કોમનવેલ્થ ગેઇમ્સની વ્યવસ્થા કમિટીના ચેરમેન હતો. તેના પર મુખ્યત્વે આ ભ્રષ્ટાચારનો આરોપ હતો.

(૧૭) ઇ.સ. ૨૦૧૦ :

2G સ્પેક્ટ્રમ ટેલિકોમ્યુનિકેશનના પરવાના માટે થયેલું આ કૌભાંડ પણ કોંગ્રેસની સત્તા દરમિયાન જ થયેલું. આ કૌભાંડથી થયેલી રકમ ઘણી જ મોટી હતી, રાજાએ આ ગુના માટે ચાર્જ કરાયેલો અને કેદ કરાવેલો. આ ભ્રષ્ટાચારથી થયેલી રાજકીય ખોટ તમામ ભારતીયોના આર્થિક જીવન પર ઘેરી અસર કરી ગયેલી. કેગના જણાવ્યા મુજબ આ કૌભાંડની રકમ રૂપિયા ૧,૭૬,૦૦૦ કરોડની હતી. જયારે સીબીઆઇનો અંદાજ રૂપિયા ૩૧ હજાર કરોડનો હતો.

(૧૮) ઇ.સ. ૨૦૧૧ : એનટ્રિક્સ દેવાસ ડીલ :

આ કરાર ISRO કે એનટ્રિક્સે એસ-બેન્ડ ટ્રાન્સપોન્ડરો (જે બે સેટેલાઇટ પર હતા. GSAT 6 અને GSAT 6A દેવાસને તરંગપ્રસારણ (બ્રોડકાસ્ટીંગ) માટે ભાડે આપેલા.

(૧૯) ઇ.સ. ૨૦૧૨ : ઉત્તરપ્રદેશ : N.R.H.M. સ્કેમ :

ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન માયાવતીની સત્તા દરમિયાન થયેલા આ ભ્રષ્ટાચારમાં રાજયને રૂપિયા ૧૦,૦૦૦ કરોડનું નુકસાન થયેલું. પોલિટીશિયન અને સિનિયર બ્યુરોક્રેટ્સ (મોખરેના અમલદારો) પર આરોપ લગાવેલો કે તેઓ N.R.H.M. સ્કીમમાંથી સારી એવી રકમની ઉચાપત કરેલી. N.R.H.M. એટલે નેશનલ રૂરલ હેલ્થ મિશન. કેન્દ્ર સરકારનો આ પ્રોગ્રામ હતો. આશ્ચર્યની વાત એ છે કે, સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૧૩માં માયાવતી પર ચાલતી સર્વે કાનૂની તપાસ અને સીબીઆઇની શોધખોળ કેન્દ્ર સરકારે સંકેલી લીધેલી. તેઓની વધારે તપાસ અટકાવી દીધેલી.

(૨૦) ઇ.સ. ૨૦૧૨ : તાતા સ્કેમ :

(૨૧) ઇ.સ. ૨૦૧૨ કોલ માઇનિંગ કોન્ટ્રવર્સી :

તત્કાલીન આ કૌભાંડ કુખ્યાત છે. આ કૌભાંડમાં કેન્દ્ર સરકારે ૧૫૫ એકરના કેલ (કોલસા)ના ખનનો પરવાનો અડસટ્ટે કેટલીક કંપનીઓને એનાયત કરી દીધેલો. તેઓએ ઓકશનની સામાન્ય રીતે વપરાતી પ્રક્રિયાની અવગણના કરેલી.

આ કૌભાંડ સત્તાધારી કોંગ્રેસ પાર્ટી માટે શરમજનક ગણાય છે. આ કૌભાંડમાં ખનીજ કોલસાના ખનની પરવાનગી (પરવાનો) પ્રાઇવેટ અને રાજય સંસ્થાઓને ગેરકાયદેસર રીતે આપી દેવામાં આવેલી. કેગના ગણતરી ભર્યા અંદાજ પ્રમાણે આ કૌભાંડમાં ૨૧૦ બિલિયન ડોલરની ખોટ થઇ હતી. સરકારે પોતાની આવકમાંથી આટલી રકમ ગુમાવી હતી. આ રકમ એટલી મોટી છે કે ભારતના વાર્ષિક સંરક્ષણ ડિફેન્સ) બજેટની રકમના પાંચ ઘણી થાય છે.

(૨૨) ઇ.સ. ૨૦૧૩ : રેલ્વે પ્રમોશન સ્કેમ :

આ કૌભાંડ કુખ્યાત રેલ્વે ગેટ ના નામે પ્રચલિત છે. રેલવેના પૂર્વપ્રધાન પવન કુમાર બંસલ અને તેનો ભાણેજ વિજય સિંગલા આ આક્ષેપ કરાયેલી લાંચમાં સંડોવાયેલાં.

(૨૩) ઇ.સ. ૨૦૧૩ : શારદા ગ્રુપ ચિટ ફંડ સ્કેમ :

આ ભ્રષ્ટાચારથી રૂપિયા ૨૦,૦૦૦ કરોડની ખોટ થયેલી. રોકાણ માટે પ્રસ્તુત થયેલી આ સ્કીમ પોન્ઝિ કે પિરામિડલ સ્કીમ હતી.

(૨૪) ઇ.સ. ૨૦૧૩ : વોડાફોન ટેક્સ સ્કેન્ડલ : આ કૌભાંડની રકમ રૂપિયા ૧૧,૦૦૦ કરોડની ગણાય છે.

(૨૫) ઇ.સ. ૨૦૧૩ : અગસ્તલા વેસ્ટલેન્ડ ચોપર ડીલ સ્કેમ : આ ઘણું જ નવું કૌભાંડ છે. આ ભ્રષ્ટાચારની રકમ રૂપિયા ૭૪.૫ કરોડ ગણાય છે.

સંદર્ભ :

(ભીષણ ભ્રષ્ટાચાર લે. અરવિંદ લાપસીવાલા
પ્રકાશક : સાહિત્ય સંગમ, બાવાસીદી, ગોપીપુરા, સૂરત)

અંધારામાં એક ડગલું તો ભરાય ને?

ઘણાં માણસો પોતાના જીવન વિશે તર્કબુદ્ધિથી વિચાર કરતા બેટા હોય છે. હકીકતમાં તો જીવનને તર્કબુદ્ધિથી વિચાર કરીને નહીં, પણ તેની સમગ્રયતામાં જીવવાથી ઓળખી શકાય છે. જે જીવન સાથે સંપૂર્ણપણે મુક્ત અને નિબંધ થઇને વહે છે તે જીવનને પામી શકે છે.

બહુ દૂરનો વિચાર કરતા બેસી રહેનારામાં સામાન્યતઃ જે નિકટમાં છે તે પછી ખોઇ બેસાય છે. ડહાપણની વાત તો એ છે કે વિચાર કરતાં બેસી ન રહેતાં ઊઠો અને આગળ વધો. કેટલું ચાલ્યા તેનો વિચાર ન કરતાં કેટલું ચાલવાનું બાકી તે ઉપર લક્ષ્ય કેળવો!

ગામડાનો એક સીધોસાદો ખેડૂત પહેલીવાર પહાડની સફરે જતો હતો. તે પહાડો તેના ગામથી બહુ દૂર ન હતા. છતાં તે ત્યાં જઇ શક્યો ન હતો. લીલોતરીથી ઢંકાયેલા એ પહાડોનાં શિખરો પોતાના ખેતરમાંથી તે જોતો ત્યારે ત્યાં જવા માટે તેનું મન ઉપડતું. પરંતુ એક યા બીજા કારણસર તે વિચાર આચરણમાં મૂકી શક્યો નહી.

તે પહાડ ઉપર જવા માટે સૂર્ય ઊગતાં પહેલાં જવું પડતું. અને ત્યારે અંધારું હોવાથી એક ફાનસ હોવું જરૂરી હતું અને એ ફાનસના અભાવે તે પહાડ ઉપર જવાનો વિચાર માંડી વાળતો. પરંતુ એક દિવસ તેને ફાનસ પ્રાપ્ત થયું અને હવે તે આરામથી પહાડ ઉપર જઇ શકશે, સમજી તેને પહાડ પર જવાનું નક્કી કર્યું. પહાડ પર જવાની ઉત્તેજનાને લીધે રાતના બે વાગે તે ઊઠી ગયો અને પહાડ પર જવા નીકળી પડ્યો. પરંતુ ગામ બહાર આવીને તે ગભરાઇને ઊભો રહી ગયો. તે વખતે અમાસની અંધારી રાત કાળી રાત હતી. તેને ચિંતા થઇ કે આવા અંધારામાં એ પહાડ પર શી રીતે ચડી શકાશે? તેની પાસે ફાનસ તો હતું. પરંતુ તેનો પ્રકાશ તો માંડ દસ ડગલાં સુધી પણ પડતો નથી. અને પહાડનું ચડાણ હતું ખાસ્સા દસ માઇલનું!

તે સૂર્યોદયની રાહ જોતો ગામ બહાર જ બેસી રહ્યો. એટલામાં તેણે એક વૃદ્ધને તેની પાસેથી પસાર થતો પહાડ પર જતો જોયો. તેની પાસે તો તેના કરતાં પણ નાનું ફાનસ હતું. તેને વૃદ્ધને રોકી પોતાની દ્વિધાનું કારણ કહ્યું, અને વૃદ્ધ ખડખડાટ હસી પડ્યો, 'અરે, ગાંડા. તું પહેલાં દસ પગલાં જેટલું દેખાય છે તેટલું તો ચાલ, પછી બીજું જેટલું દેખાય છે તેટલું જ આગળ દેખાશે. અરે, એક પગલું દેખાય તો તો આખી દુનિયાની પ્રદશિણા થઇ શકે.' યુવકને વૃદ્ધની વાતથી પ્રેરણા મળી અને સૂર્યોદય થતાં સુધીમાં તો તે પહાડના શિખર પર પહોંચી ગયો હતો.

જીવનનો રાહ કાપતાં પેલા વૃદ્ધે કીધેલી વાત યાદ રાખવા જેવી છે. વિચાર કરતાં બેસી ન રહો. ઊઠો અને ચાલવા લાગો. જે ચાલવા માંડે છે. તે જ તેની મંઝિલ સુધી પહોંચી શકે છે. મંઝિલ આતુરતાથી તમારી રાહ જોતી બેઠી છે અને આખરી મંઝિલ તો પરમાત્મા સુધી પહોંચવાની છે ને! તો તેના માટે તમારી પાસે વિવેક તો છે જ. તો જેટલો વિવેક એટલો પ્રકાશ અને એ વિવેક તો આપણે બધા પાસે છે. દસ ડગલાનું અંતર તો દેખાય છે ને? ચાલવા માંડીશું તો પરમાત્મા સુધી જરૂર પહોંચાશે.